GJJM100010292025

| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૧/૦૯/૨૦૨૫ |
| નોંધણી તારીખ | : ૦૧/૦૯/૨૦૨૫ |
| ફેસલ તારીખ | : ૦૨/૦૫/૨૦૨૬ |
| સમય ગાળો | : વર્ષ-માસ-દિન<br>૦૦ - ૦૮ - ૦૧ |

સત્યमेव जयते

માનનીય ધ્રોલના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબ ની કોર્ટ, ધ્રોલ, જિલ્લો જામનગર.

આંક

| | | |
|---|---|---|
| વાદી | :- | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ<br>થ્રુ ડેપ્યુટી એન્જીનીયરશ્રી,<br>(શહેર) સબ ડીવીઝન,<br>ગાંધી ચોક, ધ્રોલ,<br>તા.ધ્રોલ, જી.જામનગર |
| | | <u>વિરુદ્ધ</u> |
| પ્રતિવાદી | :- | જુણેજા સાઈદાબેન ફારૂકભાઈ<br>રહે. ગાયત્રી નગર, રાજકોટ રોડ, ધ્રોલ,<br>તા.ધ્રોલ, જી.જામનગર |
| બાબત | :- | દાવો રૂ.૧૦,૧૯૮.૩૦/- વસુલ મેળવવા બાબત. |

---

| | | |
|---|---|---|
| વાદી તરફે | :- | વિદ્વાન વકીલશ્રી વાય.વી.મહેતા |
| પ્રતિવાદી તરફે | :- | કોઈ નહી. |

---

## <u>જજમેન્ટ</u>

1. વાદીના દાવાની ટૂંકમાં હકીકત :-

1.1. હાલના કામના વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ પોતાના ગ્રાહકોને વીજ પુરવઠો પુરુ પાડવાનું કામ કરે છે. વાદી મારફત પ્રતિવાદીને કોઈપણ પ્રકાર નુ વીજ કનેકશન આપવામાં આવેલું નથી. વધુમાં વાદીના સંસ્થાના ચેકીંગ અધિકારીઓ ધ્વારા પ્રતિવાદી ને ત્યાં ચેકીંગ કરતા પ્રતિવાદી વીજ ચોરી કરતા માલુમ પડતા

વાદી સંસ્થાના અધિકારી ધ્વારા સ્થળ પર વીજચોરી અંગેની ચેકીંગશીટ તૈયાર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રતિવાદી સામે ધોરણસરની કાર્યવાહી કરી વાદીના પ્રતિવાદી પાસેથી વીજ ચોરીના ડીમાન્ડ બીલ ની રકમ તથા વ્યાજ સહિત રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ  રૂપીયા અને ત્રીસ પૈસા પુરા) બાકી લેવાના નીકળે છે. જે પ્રતિવાદી દ્વારા ભરપાઈ ન કરતા વાદીએ દાવો પ્રતિવાદી સામે દાખલ કરેલ છે.

2. પ્રતિવાદી તરફે બચાવ :-

2.1. પ્રતિવાદીને હાલના દાવાના કામે સમન્સ બજી ગયેલ હોવા છતા તેઓ હાજર રહેલ ન હોઇ કે તેમના વતી કોઇ રજુઆત ન હોઇ આંક ૧ લગત તારીખ ૧૦-૦૯-૨૦૨૫ ના રોજ પ્રતિવાદી સામે હાલના દાવાની ઈન્સાફી કાર્યવાહી એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

3. હાલના કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

વાદી તરફે મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાજીદખાન યાસીનખાન પઠાણ | ૦૭ |
| ૨ | કૌશલ નરેન્દ્રકુમાર જોષી | ૨૮ |

દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીના સી.જી.એલ. એબસ્ટ્રેક અસલ | ૦૯ |
| ૨ | પ્રતિવાદીના દાવાની રકમનું ગણતરી પત્રક અસલ | ૧૦ |
| 3 | પ્રતિવાદીના વ્યાજની રકમનું ગણતરી પત્રક અસલ | ૧૧ |
| ૪ | પ્રતિવાદીના સ્થળતપાસ અંગેનુ પ્રમાણ પત્ર અસલ | ૧૨ |
| ૫ | પ્રતિવાદીના વીજ વપરાશના એકાઉન્ટનું બી.એસ.એ. ની કલમ-૬૩(૨)(એ) અંગેનુ પ્રમાણ પત્ર અસલ | ૧3 |
| ૬ | પ્રતિવાદીના રહેણાંક મકાનનું ચેકીંગ કરેલ તેના ચેકીંગ શીટ ની ખરી નકલ | ૧૪ |
| ૭ | પ્રતિવાદીના રહેણાંક મકાનનું ચેકીંગ કરેલ તેના સ્થળ રોજકામ ની ખરી નકલ | ૧૫ |
| ૮ | પ્રતિવાદીના સ્થાનીક જગ્યાના ફોટોગ્રાફીના પ્રમાણપત્રની ખરી નકલ | ૧૬ |

| | | |
|---|---|---|
| ૯ | એનેક્ષર - ૪ ની ખરી નકલ | ૧૭ |
| ૧૦ | ગેઈટ પાસની ખરી નકલ | ૧૮ |
| ૧૧ | જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જામનગરમાં આપેલી કોગ્નિઝેબલ ગુન્હાની ફરીયાદની ખરી નકલ | ૧૯ |
| ૧૨ | એફ.આઈ.આર. ના ઉતારાની ખરી નકલ | ૨૦ |
| ૧૩ | પ્રતિવાદીને મોકલેલ પુરવણી બીલ ની ખરી નકલ | ૨૧ |
| ૧૪ | પ્રતિવાદીને આપેલ તા.૨૫/૧૧/૨૦૨૪ ની લીગલ નોટીસની સ્થળપ્રત | ૨૨ |
| ૧૫ | પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટીસની પોસ્ટની એકનોલેઝમેન્ટ અસલ | ૨૩ |
| ૧૬ | પ્રતિવાદીને આપેલ તા.03/0૪/૨૦૨૫ ની લીગલ નોટીશની સ્થળપ્રત | ૨૪ |
| ૧૭ | વાદી સંસ્થા વતી ડેપ્યુટી ઈજનેર ને દાવો દાખલ કરવાની સતા આપતા પરીપત્ર ની ખરી નકલ | ૨૫ |

4. ઉપરોકત પુરાવો રજુ થયા બાદ વાદી તરફે આંક-૨૯ થી પુરાવો પુર્ણ થયા અંગે પુરશીશ આપી જાહેર કરેલ છે જેથી હાલનો દાવો દલીલો પર રાખવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે વિ.વ.શ્રી. વાય.વી.મહેતા ની દલીલો સાંભળવામાં આવેલ છે તથા આંક 30 થી રજુ કરેલી લેખીત દલીલ/પુરસીસ વંચાણે લીધી, જ્યારે પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેતુ ન હોઈ પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી કે પ્રતિવાદીની દલીલો સાંભળવામાં આવેલ નથી.

5. મુદાઓ અંગેના નિર્ણય :-

5.1. હાલના દાવામાં નિર્ણય અર્થે આંક ૬ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીએ વાદી કંપનીના વીજ પોલ માંથી ગેરકાયદેસર વીજ વપરાશ કરેલ છે ?

(૨) શું વાદી સાબીત કરે છે કે, વાદી કંપનીના પ્રતિવાદી પાસેથી રૂા.૧૦૧૯૮.30/- બાકી લેવાના નીકળે છે ?

(૩) શું વાદી સાબીત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ પર વ્યાજ મેળવવા હકકદાર છે ? અને જો હા તો કેટલું ?

**પ્રિન્સીપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**

(૪) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામુ ?

ઉપરોકત મુદ્દાનાં નિર્ણયો નીચે મુજબ છે.

6. (૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) અંશતઃ હકારમાં.

(૪) અંશતઃ હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

7. **<u>કારણો :-</u>**

7.1. હાલના દાવાના કામે ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સુસંગત હોઇ તેમજ પુનરાવર્તન ટાળવાના હેતુસર ઉપરોકત મુદાઓના નિર્ણય અંગેના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

7.2. હાલના દાવાના કામે વાદી તરફે આંક ૦૭ થી સાજીદખાન યાસીનખાન પઠાણ તેમજ આંક ૨૮ થી કૌશલ નરેન્દ્રકુમાર જોષી એ સોગંદ ઉપર સરતપાસ આપેલ છે અને તેમના દાવાની હકીકત મુજબ પુરાવો આપી દાવા અરજીની હકીકત સાબિત કરેલ છે. જે ધ્યાને લેતા વાદીની દાવા અરજીની હકીકતને સમર્થન મળેલ છે. વધુમાં હાલના દાવાના કામે રજુ થયેલ આંક ૦૯ થી આંક ૨૫ ધ્યાને લેતાં વાદીના પ્રતિવાદી પાસે થી વીજ ચોરીના બીલની રકમ રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ  રૂપીયા અને ત્રીસ પૈસા પુરા) બાકી લેવાના નીકળે છે. જેને પ્રતિવાદી દવારા વાદી તેમજ વાદીના સાક્ષીની ઉલટતપાસ કરી તેમજ પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજુ કરી વાદીના પુરાવાને ચેલેન્જ કરવામાં આવેલ નથી.

આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટે Jay Ambe Industries Proprietor Shri Dineshkumar bajranglal Somani Versus Garnet Specialty Paper Ltd, FIRST APPEAL No. 5228 of 2019 J.Date: JANUARY 07, 2022. માં આપેલ જજમેન્ટ ના પેરા-૧૪ તથા પેરા-૨૧ ધ્યાને લેતા નીચે મુજબ છે.

14. At the outset we may take notice of the fact that the respondent-original defendant had not appeared before the trial court as well as before this Court so as to put-forth his defense. In other words, the pleadings of the plaint and

evidence so adduced remained uncontroverted all throughout. Thus, the suit for recovery of dues based on documentary evidence such as invoices, duly signed and acknowledged delivery chalan and ledger account, has not been disputed by the respondent defendant.

The plaintiff led oral evidence on oath by way of affidavit through his Power of Attorney. The Power of Attorney, in his oral evidence, has stated that the plaintiff-firm had supplied goods in the form of papers to the defendant for an amount mentioned in the plaint; out of which, part payment was made by the defendant and part payment was due from him on account of supply of those goods. There is no rebuttal by the defendant with respect to the statement given by the plaintiff. This, in our opinion, would constitute sufficient corroboration within the meaning of law about the entries made in the ledger.

આમ, ઉપરોક્ત જણાવેલ ચુકાદો તથા હાલના કેસમાં રજુ થયેલ રેકર્ડ પરના પુરાવાને ધ્યાને લેતા, વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ  રૂપીયા અને ત્રીસ પૈસા પુરા)  વસુલ મેળવવા હકકદાર છે તેવું સાબીત થાય છે.

હાલના દાવા અરજીની દાદ મુજબ વાદીએ પ્રતિવાદી પાસેથી દાવા તારીખ થી રકમ વસુલ થતા સુધી નું દાવા રકમ રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ  રૂપીયા અને ત્રીસ પૈસા પુરા) પર વ્યાજ સાથેની રકમની માંગણી કરેલ છે. આ તબક્કે સીવીલ પ્રોસીજર કોડની કલમ-3૪ ધ્યાને લેતા વાદીની પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ  રૂપીયા અને ત્રીસ પૈસા પુરા)ઉપર વાર્ષિક ૬% વ્યાજ સહીત હાલનો દાવો દાખલ કર્યા તારીખથી રકમ વસુલ થતા સુધીનો કરવો ન્યાયોચીત જણાય છે.

આમ, રેકર્ડ પર ના સમગ્ર પુરાવા, દલીલો, કાયદાકીય જોગવાઈઓ, પક્ષકારોના કેસના ગુણદોષ ના આધારે તેમજ ઉપરોક્ત જણાવેલ નિર્ણયના કારણો ધ્યાને લેતા મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ હકારમાં, મુદ્દા નં.3 અને ૪ નો

જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૫ માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

1. વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

2. પ્રતિવાદીએ વાદીને રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ રૂપીયા અને ત્રીસ પૈસા પુરા) ચુકવી આપવા અન્યથા વાદી પ્રતિવાદીની માલ-મિલ્કત માંથી વસુલ મેળવી શકે તે મુજબનુ હુકમનામુ કરવામાં આવે છે.
3. પ્રતિવાદીએ વાદીને દાવો દાખલ તારીખથી રકમ વસુલ થતા સુધી રૂા.૧૦૧૯૮.30/- (અંકે દસ હજાર એકસો અઠાણુ રૂપીયા અને ત્રીસ પૈસા પુરા) પર વાર્ષિક ૬% વ્યાજ ચુકવવાનું રહેશે.
4. પ્રતિવાદીએ રૂા.3000/- દાવાનો ખર્ચ વાદીને ચુકવવાનો રહેશે જયારે પ્રતિવાદીએ દાવાનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.
5. હુકમ મુજબ હુકમનામું દોરવુ.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના મે મહીના ની તારીખ ૦૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૨/૦૫/૨૦૨૬
ધ્રોલ.

(મિલાપ એ.કોટડીયા)
કોડ નંબર જીજે ૦૧૬૩૪
પ્રિન્સીપાલ સિવિલ જજ,
ધ્રોલ.